વર્ષ : ૫ અંક : ૧૦ સપ્ટેમ્બર–૨૦૨૨

DIET
PSTE IFIC DRU ET B.Ed. WE CMDE PM
Dist. Insti. of Edu. & Training Surendranagar

# પલાશ



શ્રી ઝવેરચંદ મેઘાણી


## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર





hot on OnePlus
7/28/22
2:38 PM





વર્ષ : ૫

# પલાશ

અંક : ૧૦

**અધ્યક્ષ** : ડૉ. સી. ટી. ટૂંડિયા
**તંત્રી** : ડૉ. કોમલબહેન આર પંડયા
**સહતંત્રી** : ડૉ. રાજનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડયા
શ્રી જયેન્દ્રભાઈ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડયા
શ્રી પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ
ડૉ. કેતનભાઈ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઈ વાઘેલા
શ્રી હિતેશભાઈ ઠાકર
શ્રી જાતુશભાઈ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઈ પંચાલ
શ્રી ધનજીભાઈ વાલેરા
શ્રી મુકેશભાઈ બટ્રેશિયા

## પલાશત્વ...

ગુરૂજનો, પ્રણામ....

ડાયેટ સુરેન્દ્રનગર દ્વારા તાજેતરમાં ધોરણ ૧,૨ અને ૩ અંગ્રજી વિષય શિક્ષકની તથા વિદ્યાપ્રવેશ (શાળા તત્પરતા) તાલીમો યોજાઇ ગયેલ છે. જે તાલીમોનો વિનિયોગ વર્ગખંડોમાં કરવામાં આવે તેવી શ્રધ્ધા વ્યક્ત કરું છું.

ડાયેટ, શિક્ષણ સમિતિ અને SSA ના સંયુક્ત સંકલનથી જુદા જુદા તાલુકાઓમાં સઘન મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જે સમયે શાળાનું શૈક્ષણિક અને વહિવટી મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મોનીટરીંગ શાળાઓમાં એક નવોન્મેય થાય અને જ્યાં જે બાબતો ખૂટે છે તે બાબતે માર્ગદર્શન આપવાનો હેતુ રહ્યો છે.

વર્ગખંડોમાં અધ્યયન નિસ્પતિઓ સિધ્ધ કરવામાં આવેલ યુક્તિ, પ્રયુક્તિઓ અને પ્રવિધિઓ દ્વારા બાળકોમાં ગુણવત્તાનું સ્તર ઊંચુ લાવવા માટે સંનિષ્ટ કામ કરીએ.

ચાલો... દરેક શાળામાં ગુણવત્તાસભર કામગીરી કરીને સમગ્ર જિલ્લાનો સિધ્ધિ આંક ઊંચો લાવવામાં સમિધ હોમીએ.

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Blog : dietsurendranagar.blogspot.com
Website : www.dietsnr.org

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | શબ્દ ઉપાસક સારસ્વત | 03 |
| 2 | આચાર્યનું અનુશાસન | 05 |
| 3 | કર્મનિષ્ઠ શિક્ષક : સુરેશભાઇ ધોરિયા | 07 |
| 4 | કોવિડ-૧૯ દરમ્યાન કરેલ કામગીરી | 08 |
| 5 | શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ | 09 |
| 6 | બી.એડ. અને ડી.એલ.એડ સંયુક્ત પ્રવેશોત્સવ અહેવાલ | 12 |
| 7 | શ્રી ઝાડીચાણા પ્રા.શાળા ખાતે સ્વાતંત્ર્ય વીર શ્રેણી કાર્યક્રમ | 13 |
| 8 | વિદ્યાપ્રવેશ તાલીમ | 14 |
| 9 | ક્લસ્ટર કક્ષાએથી વર્ચ્યુઅલ ક્લાસ | 15 |


# લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતી ફૉન્ટ, સાઈઝ 12 માં કોમ્પ્યુટરરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## શબદ ઉપાસક સારસ્વત : ભગવતદાન ગઢવી

આજે વાત કરવી છે વઢિયાર પ્રદેશનાં સંવેદનશીલ શિક્ષક, સફળ સ્ટેજ સંચાલક અને સૌજન્યથી હર્યાભર્યા ચારણ કવિ, લોકસાહિત્યકાર અને શિક્ષક શ્રી ભગવતદાન ગઢવીની.

થોડાં મહિનાઓ પહેલાં મારી નવલકથા "મરુભૂમિની મહોબ્બત" નું વિમોચન વરાણા ખોડીયાર મંદિરમાં યોજાયું. આ પ્રસંગે આપણાં જાણીતાં સર્જક શ્રી ડૉ.નિષાદ ઓઝા સાહેબે પોતાનાં વક્તવ્યમાં કહ્યું હતું કે ભગવત દાન, તમે એક સફળ સ્ટેજ સંચાલક છો... એ વાક્ય આજનાં દિવસે વારંવાર મારાં મનોપ્રદેશમાં ગુંજી રહ્યું છે. આજે એમનાં એ સબળ પાસા વિશે લખવાનું મન થાય છે.

તેઓ શિક્ષણ જગતમાં અનોખી મિશાલ ઉભી કરે છે, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાય છે એ બધાં ગુણો વિશે સૌ જાણે છે પણ, હકીકતમાં તેઓ પોતાનાં વ્યસ્ત જીવનમાં અસંખ્ય પરિબળો સાથે લઇ ચાલે છે. એમની અંદર એક સર્જક પણ ધબકે છે.. એ વાત અલગ છે કે તેઓ એ સર્જકને ક્યારેક જ બહાર આવવા દે છે ને એનાં પરિણામે, આપણને " ભાઈલો ભલે જતો " જેવી ટૂંકી વાર્તાઓ કે " સંસારનો આધાર મારી દીકરી રે લોલ" જેવી લાડકી પરની ભીની ભીની રચનાઓ સાથે ચારણી સાહિત્યના અનેક દુહાઓ તેમની પાસેથી મળે છે.. તેઓ વઢિયાર ચારણ સમાજનાં પ્રમુખ તરીકે કામગીરી બજાવે કે શિક્ષણ જગતમાં અનોખી કાર્યનિષ્ઠાનું ઉદાહરણ પ્રસ્તુત કરતાં રહે ..એમની અંદર પડેલો લોકસાહિ્ત્યકાર સતત જાગ્રત હોય છે.. પણ, મને એ લોકસાહિ્યકાર કરતાં એમની વૃત્તિ સાથે એકરૂપ બની ગયેલ સ્ટેજ સંચાલક વિશેષ ગમે છે.

આપણે ત્યાં સંચાલકોની એક નબળાઈ ઊઠીને આંખે વળગે છે.. તેઓ હંમેશા પોતાને પ્રસ્તુત કરતાં રહે છે..શ્રોતાઓ પર પ્રભાવ પાડવા સંચાલક કાયદેસર અત્યાચાર કરતો રહે છે..ક્યારેક તો વક્તાઓનો વખત ખાઈ જઈને પણ સંચાલક બરાડા પાડી પોરસાતો રહે છે. ભગવતદાન મને કાયમ કહે છે કે શૈલેષભાઈ, સંચાલકે વક્તાને રજૂ કરવાના હોય છે.. એણે પોતાની વાત નથી કરવાની..વક્તાની વાત કરવાની હોય છે કે પ્રસંગની..

સંચાલક પાસે ત્વરિત નિર્ણયશકિત હોવી જોઈએ. જો મુખ્ય વક્તા નથી આવ્યાં તો એમનાં સ્થાને કોને મૂકવા એનો વિવેક હોવો જોઈએ.

મારા બીજા પુસ્તક સુકી ધરાનો લીલો ટહુકો ના વરાણા ખાતે યોજાયેલ વિમોચન વખતે ઝેડકેડ પબ્લિકેશન માલિક અને સફળ કાર્યક્રમ આયોજક મનીષભાઈએ પણ, નોંધ્યું કે સભાસંચાલક ભગવતદાન જેવો હોવો જોઈએ...કાર્યક્રમનું સંચાલન જોઈ એમના ઉદગાર હતા કે, આનું નામ સંચાલક...

શંખેશ્વર ખાતે સેવાની ધૂણી ધખાવનાર સેવાવ્રતધારી, કર્મવીરાંગના જિજ્ઞાબહેન શેઠ તેમના દરેક

કાર્યક્રમમાં સભા સંચાલન ભગવતદાનને સોંપે છે..તેમનું કહેવું છે કે સંચાલનમાં ભગવતદાનભાઈ હોય પછી અમારે કોઈ જ ટેન્શન નહિ... ભગવતદાન ગઢવીએ  આમ તો કોમળ વક્તા છે પણ, કરૂણરસ એ શૌર્યરસ પર તેમનું પ્રભુત્વ છે. ચારણી સાહિત્યના અઘરામાં અઘરા છંદ અને સપાખરા પોતાની પાતળી જીભથી રમાડવાની એમની અનોખી આવડત છે... વઢિયાર વિસ્તારમાં લોકડાયરો હોય, સરકારી કાર્યક્રમ હોય, સામાજિક કાર્યક્રમ હોય, સમુહલગ્નો હોય કે કોઈનો વિદાય કે સન્માન સમારંભ હોય..એન્કર તરીકે પહેલી પસંદગી ભગવતદાન ની જ હોય... શંખેશ્વર ના જૈન સમાજના કાર્યક્રમોમાં સભા સંચાલક તરીકે પૂ. નયશેખર મ.સા.ની પહેલી પસંગી એટલે ભગવતદાન ગઢવી.

* સંચાલક વિષય બહાર ન જવો જોઈએ. કોઈપણ દુહો કે પંક્તિ પ્રસંગ કે વક્તા પર બંધ બેસતી હોવી જોઈએ.
* સંચાલક "માઇક રોગી " ન હોવો જોઈએ. જેનાથી માઈકનો મોહ છૂટતો નથી એવો સંચાલક કાર્યક્રમ કંટાળા જનક બનાવી દે છે.
* સંચાલક સમયનો પાબંધ હોવો જોઈએ. નિયત સમયમાં,સૌને ન્યાય આપી કાર્યક્રમ પૂર્ણ કરવાની કુશળતા હોવી જોઈએ.
* સંચાલક સર્વગ્રાહી હોવો જોઈએ.
* સંચાલક મિતભાષી હોવો જોઈએ

ભગવતદાન મિતભાષી છે. ઓછું બોલે છે. એમની રજૂઆત મીઠાશભરી હોય છે. વાણીમાં સત્યનો રણકો હોય છે.આવી વાણી વિશે આપણી સંસ્કૃતિમાં ઋષિ કહે છે કે..

तदेतत् पुष्पं फलों
वाचो यत्
सत्यम्

એ જ પુષ્પ છે, ફળ છે
જે વાણીનું
સત્ય છે
-ઉપનિષદ્

આવી વાણીનાં સમર્થ વાહક આ પ્રદેશની વાતો જયારે જી. ટી. પી.એલ ડાયરો માધ્યમથી વહાવે છે ત્યારે સમય પણ કાન દઈને સાંભળે છે. સદીઓનો સન્નાટો છવાયો હતો ને વઢિયારની વાતને કસાયેલ કંઠ વડે જગતનાં ચોકમાં રમતી મૂકવા ભગવતદાન સમાન યોગ્ય સરસ્વતીપુત્રની આ ધરા રાહ જોતી હતી. અમારાં માટે ભગવતદાન ગઢવી ખાસ છે.

આજે જોગમાયાને પ્રાર્થના કરીએ કે વઢિયારી વાતોને વેગ આપનાર શબદ ઉપાસક, અભ્યાસુ લોકસાહિત્યકારને ઉતમ આરોગ્ય મળે, દિનપ્રતિદિન તેમના જીવનમાં સર્જકતાનો પ્રવાહ વહેતો રહે, ઉત્તરોઉત્તર તેમના યશમાં વધારો થાય.. તેમની બળુકી વાણી  થકી આ સૂકા પ્રદેશની સાહિત્યની સરવાણીનો લાભ સૌને મળતો રહે એવી શુભેચ્છાઓ....

**આલેખન :- શૈલેશ પંચાલ રાકુ..(વઢિયાર )**

## આચાર્યનું અનુશાસન

નાગરિકતાના ઘડતર માટે કેળવણી અગત્યનું અને પાયાનું પરિબળ છે. સુસંસ્કૃત મનુષ્યનું નિર્માણનું કાર્ય કેળવણીનું છે. જેમ મૂર્તિ ઘડનાર શિલ્પી કુશળ હોવો જોઇએ, માણસ ઘડનાર શિલ્પી તેનાથીય કુશળ હોવો જોઇએ. મૂર્તિ ઘડનારનું કામ નિર્જીવ પદાર્થ સાથેનું છે. માણસ ઘડવાનું કામ સજીવ સાથેનું છે. એટલે દરેક શિક્ષક કેટલાંક આવશ્યક ગુણો અને વિશિષ્ટ કૌશલ્ય ધરાવનાર હોય તે જ જરૂરી છે. દરેક શાળામાં શિક્ષકો અને તેને માર્ગદર્શન કરનાર આચાર્ય હોય છે. આજે મારે આચાર્યના સંદર્ભે જ વાત કરવી છે. આચાર્ય કેવો હોવો જોઇએ ? આ સવાલ સૌના મનમાં હંમેશા પૂછતો આવે છે.

આચાર્ય ચાવીરૂપ હોદ્દો છે. તેનામાં વિશિષ્ટ જ્ઞાન, કૂનેહ, કુશળતા અને દૃષ્ટિનો સમન્વય હોય તે ઇચ્છનીય છે. આવશ્યક પણ છે. ઘરમાં જે ભૂમિકા સમજદાર વડિલની છે તે જ ભૂમિકા શાળામાં આચાર્યની છે. વિશાળ દૃષ્ટિ, સમભાવ અને ધીરજ તેના પ્રભાવમાં વધારો કરો છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આચાર્ય રોલ મોડેલ હોવો જોઇએ. વિદ્યાર્થી અને શિક્ષકના માનસપટમાં આચાર્યનું ચિત્ર હોય છે તે આદર્શ હોવું જોઇએ. તેના પ્રત્યેક વ્યવહારની અસર અને પ્રભાવ બાધા પર પડે છે. ગૌરવભરી નમ્રતા, વ્યવહાર પણુ અને સંબંધોની કળા તેને માટે બધાના મનમાં આદર હોય છે. જ્યાં પ્રેમ નથી ત્યાં નિયમો આવે છે. જો કે કેળવણીમાં પ્રેમનું રસાયણ જ બધાને જોડી રાખે છે. હસતો ચહેરો અને બધા સાથેનો સ્નેહભર્યો વ્યવહાર બધાને બાંધી શકે છે. આચાર્યને નેતૃત્વનું અભિમાન નહિ પણ સ્વાભિમાન (ગૌરવ) હોવું જોઇએ. નિષ્ઠા અને સમર્પિતભાવ તેના પદને ઉંચું બનાવે છે. બધા પ્રત્યે સમભાવ - પક્ષપાત રહીતતા તેને બધાના બનાવે છે. જ્ઞાન-સમૃદ્ધ આચાર્યનો પ્રભાવ સ્વભાવિક રીતે જ ઊભો થાય છે. તેનું જ્ઞાન વિશાળ હોવું જોઇએ. તે ચિંતનશીલ, વિચારશીલ અને જ્ઞાનવાન હોય, વહિવટી કુશળતા, નિર્ણયશક્તિ, સત્યપ્રિયતા અને ઉત્તમ ચારિત્ર્ય આચાર્યના હોદ્દાના શણગાર છે. ઉચ્ચ વિચાર અને ઉચ્ચ આચાર તેની શોભા છે.

આચાર્ય શાળામાં હોય તો કોઇને ભાર ન લાગવો જોઇએ, બલ્કે તેના હળવાફુલ વ્યક્તિત્વથી બધાને હૂંફ મળવી જોઇએ. બધાને પ્રેમપૂર્વક માર્ગદર્શન આપી શકે તેવી હેસીયત અને ક્ષમતા હોવી જોઇએ. Expect (અપેક્ષા) ને બદલે Accept (સ્વિકાર) નો ગુણ આચાર્યની ઊંચાઇ વધારે છે. માટીને આકાર નથી. કુંભની અપેક્ષા રાખો તો માટીનો સ્વિકાર કરી સ્નિગ્ધતા આપી આકાર આપો તો જ કુંભ મળે. પથ્થરમાંથી ખરાબ મૂર્તિ બને તો વાંક પથ્થરનો નથી, ઘડનારનો છે.ઘડવૈયો સાચો હોય તો ગમે તેવા પથ્થરમાંથી સુંદર મૂર્તિ નિર્માણ કરી શકે. આચાર્ય કુશળ કારીગર હોવો જોઇએ. તેણે વહીવટી, શૈક્ષણિક અને ભાવાત્મક ત્રણેય જવાબદારી વહન કરવાની છે. પ્રસન્નતા સભર રહીને બધું સંભાળી શકે તેવી કુશળતા હોય તે જરૂરી છે. સત્યનિષ્ઠ આચાર્ય આપમેળે પ્રભાવી બને છે. પ્રેમ નથી ત્યાં નિયમો અને કાયદો પ્રવેશ કરે છે. સંબંધ નથી ત્યાં કલેશ આવે છે અને અનુશાસન નથી ત્યાં જડ શિસ્ત દાખલ થાય છે.

મંદિરમાં કાયદો નથી-ભક્તિ છે. ઘરમાં નિયમો નથી - પ્રેમ છે. સાચા સંબંધોમાં વાંધા નથી - સમર્પણ છે. આ બધી વાતો સમજતો હોય એટલું જ નહિ આત્મસાત કરી વ્યવહારમાં સહજ રીતે વણાઇ હોય તે જ આચાર્ય તરીકે ગરીમાપૂર્ણ સ્થાન શોભાવી શકે.

વિચારશીલતા, નિતનૂતન અભિગમ, તાજગી ભર્યુ વ્યક્તિત્વ, સ્ફૂર્તિલી ગતિશીલતા આચાર્યને પ્રભાવી વ્યક્તિત્વ બક્ષે છે. જે વૃક્ષમાં નવી કૂંપળો રોજ ફુટવી જોઇએ. આચાર્યનું પદ નોકરીનું કે પગાર મેળવવાનું માત્ર પદ નથી. કર્મશીલતા, નિષ્ઠા, તેજસ્વીતા અને શીલનું પદ સૂર્ય ઉગવાથી જ સૃષ્ટિ ચેતનવંતી બને છે એમ આચાર્યનું અસ્તિત્વ - હાજરી સમગ્ર શાળાના વાતાવરણમાં સુગંધી ચેતના પૂરે એું હોવું જોઇએ.

ઇતિહાસમાં અને વર્તમાનમાં એવા ઘણાં આચાર્ય યશવંત શુકલ, ઉમાશંકર જોશી, ડૉ. રાધાકૃષ્ણન્, શંકરદયાલ શર્મા, જુગતરામ દવે, ડોલરરાય માંકડ અને એવા અનેક ચમકતાં નામોથી આચાર્ય પદ ઉન્નત બન્યું છે. આચાર્ય હોવાનો અહેસાસ જ ગૌરવાન્વિત કરે એવો છે. સંવેદના, સર્જનશીલતા અને સમજદારી ન હોય તેમણે આચાર્ય બનવાનો અર્થ નથી. જેટલા સારા આચાર્યો સમાજને મળશે. એટલો સમાજ સુસંસ્કૃત બનશે. શાળાના સમગ્ર વાતાવરણમાં આચાર્ય છવાયેલ છે.

આપણે આશા રાખીએ કે દરેક શાળાને આવા આચાર્યો મળે, જે સમાજના પરિવર્તનનું મોટું નિમિત્ત બનશે અને કેળવાયેલ સમાજ આવતી કાલનું ભવિષ્ય બનશે. શિક્ષણમાં નવિનતાપૂર્ણ પરિવર્તન લાવવા શિક્ષકે બદલાતા રહેવું પડશે અને એવા શિક્ષકોના વડિલ તરીકે આચાર્યની જવાબદારી ખૂબ મોટી છે. આવા આચાર્યો જ સૌનું ભવિષ્ય ઉજમાળી શકે. સૌ આચાર્યો એ માર્ગને ગ્રહણ કરે એવી શુભ ભાવના...

-ચંદ્રકાંતભાઇ વ્યાસ
ડાયરેક્ટર, પ્રેમની પરબ, સાયલા

## કર્મનિષ્ઠ શિક્ષક : સુરેશભાઈ ધોરિયા

પૂરૂ નામ : ધોરિયા સુરેશભાઇ બાબુભાઇ
શાળાનું નામ : શ્રી સી.ડી. કપાસી હાઇસ્કૂલ
શાળાનું પૂરૂ સરનામું : સ્ટેશન રોડ, મું.- ચુડા, તા.– ચુડા, જિ. – સુરેન્દ્રનગર
શાળાનો પ્રકાર : માધ્યમિક શાળા (ગ્રાન્ટેડ)
પુરૂષ : પુરૂષ
જન્મ તારીખ : ૦૯/૦૬/૧૯૭૯
શાળામાં દાખલ તારીખ : ૧૧/૦૯/૨૦૦૬
વિષય : સામાજિકવિજ્ઞાન

<u>તેમની કામગીરીની વિગતો :</u>

અમારી શાળાના શિક્ષકશ્રી સુરેશભાઈ બાબુભાઇ ધોરીયા શાળામાં માધ્યમિક વિભાગમાં મદદનિશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓની નિમણૂંક અમારી શાળામાં ૧૧/૦૯/૨૦૦૬થી થયેલ છે. તેઓશ્રી સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક છે. તેઓશ્રીની શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃતિઓ ખૂબ ઉત્સાહપૂર્વક કરે છે. મોડ્યુલ નિર્માણ, KRPકામગીરી આ ઉપરાંત શાળાની અંદર વિદ્યાર્થીઓ સાથે સુંદર પ્રોજેક્ટ કરાવડાવે છે. તેઓશ્રી વૈશ્વિક મહામારીની પરિસ્થિતિમાં અને વેકેશનના સમયગાળા દરમિયાન પણ શાળામાં અનેજિલ્લામાં વિદ્યાર્થીઓ માટે નિયમિત ઓનલાઇન શિક્ષણ આપ્યું હતું. આ ઉપરાંત પાઠ્યપુસ્તક આધારિત ઓનલાઇન ક્વિઝ પણ દરરોજ બનાવી મોકલાવીરહ્યાં છે, બાળકનાં સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે માટે ઓનલાઈન સામાન્ય જ્ઞાનની ક્વિઝ પણ બનાવીને મોકલાવે છે જેનો વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સહકાર પણ પ્રાપ્ત થઇરહ્યો છે. વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સરળતાથી યાદ રહી જાય તે પ્રકારની સાહિત્યનું અને પુસ્તિકાઓનું સર્જન કરે છે. હાલમાં તેઓની આ બધી જ પ્રવૃત્તિઓ શાળામાં અને ઓનલાઇન ચાલુ જ છે. તેઓએ રાજ્ય અને જિલ્લા કક્ષાએ ઇનોવેશન પણ રજૂ કરેલ છે. તેમની આ કામગીરી બદલ તેમને જિલ્લા શ્રેષ્ઠ શિક્ષકએવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે

એકંદરે તેઓ શાળાની અંદર ખૂબ જ ઉત્સાહથી શિક્ષણ આપતા શિક્ષક બન્યાં છે અને શાળામાં વિદ્યાર્થી પ્રિય શિક્ષક છે. શાળા તેઓની પ્રગતિ ઈચ્છે છે.

## કોવિડ –19 દરમ્યાન કરેલ કામગીરી

૧. યુટ્યુબ ચેનલ દ્વારા હોમલર્નિંગ માટેના વિડિયો બનાવી વિદ્યાર્થીઓને મોકલ્યા.
૨. વિદ્યાર્થીઓ ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે માટે ધોરણ -10 માટે એકમ કસોટી બનાવી.
૩. દિક્ષા પોર્ટલ પર વિધ્યાદાન અંતર્ગત ધોરણ – ૧૦ ના 24પાઠના વિડિયો બનાવી અપલોડ કર્યા.
૪. ધોરણ – ૧૦ ના વિદ્યાર્થીઓ ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે માટે સ્વઅધ્યયન પોથી બનાવી.
૫. માઇક્રોસોફ્ટ ટિમ્સમા નિયમિત લેક્ચર લીધા.
૬. રાજયકક્ષાએ ઇનોવેશન રજૂ ક્રર્યા.
૭. જિલ્લાકક્ષાએ ઇનોવેશન રજૂ ક્રર્યા.
૮. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના વિડિયો બનાવ્યા.
૯. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના QR CODE બનાવ્યા.
૧૦. ૧૫ જેટલી વિદ્યાર્થીઓનીઓ દત્તક લીઇ કન્યા કેળવણી અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી અભ્યાસ કરાવ્યો.
૧૧. નાની મોટી 8 જેટલી પુસ્તિકાઓનુ સર્જન કર્યું.
૧૨. ૨૦૨૦ અને ૨૦૨૧નુ ક્રાંતિકારીઓનું કેલેન્ડર બનાવ્યુ.
૧૩. ૨૦૨૦નુ મહાન નેતાઓનું કેલેન્ડર બનાવ્યુ.
૧૪. વિદ્યાર્થીઓને જન્મદિવસે ભેટમાઁ આપવા માટે હનુમાન ચાલીસાનુ કાર્ડ બનાવ્યા.
૧૫. ક્રાંતિકારીઓની ઓળખ અને પરિચય પુસ્તિકા નિર્માણ કર્યું.
૧૬. પર્યાવરણના જતન માટે ચકલીઓના માળાઓનુ (પતરાના ડબ્બાઓ) નિર્માણ કર્યું.
૧૭. વૃક્ષોના જતન માટે વૃક્ષારોપણ અને રોપા બનાવી વિતરણ કર્યુ.
૧૮. ITCનો ઉપયોગ કરી વર્ષ દરમ્યાન વર્ચુઅલ કલાસમા લેકચર લીધા.
૧૯. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની PPT બનાવી.
૨૦. હોમલર્નિંગ માટે ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની ઓનલાઇન કવીજ બનાવી.
૨૧. હોમલર્નિંગ માટે ધોરણ -૯ ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની ઓનલાઇન કવીજ બનાવી.
૨૨. વિદ્યાર્થીઓને સરળતાથી યાદ રહી જાય તે માટે શોર્ટ-કી બનાવી.
૨૩. બધી કામગીરી બદલ જિલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિપોષિત પાપ્ત થયો.
૨૪. વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમા વધારો થાય તે માટેઓનલાઇન કવીજ બનાવી.
૨૫. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડી.
૨૬. મતદાન જાગૃતિ માટે જિલ્લા મુખ્ય ચૂટણી અધિકારી દ્વારા વિડિયો બનાવવાની કામગીરી સોંપી.
૨૭. સુરેન્દ્રનગર ડાયટ દ્વારા શરૂ કરેલ ઓનલાઇન વિડિયો લેકચર અને વિષય કન્વીનર તરીકેપસંદગી.

# શૈક્ષણિક અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

## ❖ NCRTઅને GCRTની કામગીરી

૧. NCRTના પર વિદ્યાદાન અંતર્ગત ધોરણ –૧૦ના 8 પાઠના 24 વિડિયો બનાવી અપલોડકર્યા.
૨. NCRT ના પર વિદ્યાદાન અંતર્ગત ધોરણ – ૯ ના 6પાઠના 18વિડિયો બનાવી અપલોડ કર્યા.
૩. NCRT દ્વારા આયોજિત CCRT (અસમ) ઓનલાઈન વર્કશોપમાં ભાગ લીધો
૪. NCRT દ્વારા આયોજિત CCRT ( ઉદયપુર ) ઓનલાઈન વર્કશોપમાં ભાગ લીધો
૫. GCERT અંતર્ગત ધોરણ – ૧૦ મોડ્યુલ નિર્માણ કામગીરી
૬. SSA દ્વારા ધોરણ – ૯ ની હેન્ડબુક બનાવવામાં સમાવેશ
૭. સામાજિક વિજ્ઞાનના વિષયમાં KRP તરીકે નિમણૂંક
૮. રાજ્યકક્ષાની 'સ્પર્શ' તાલીમમાં KRP તરીકેની નિમણૂંક
૯. ચિલ્ડ્રન યુનિવર્સીટી ગાંધીનગર દ્વારા આયોજિત નેશનલ લેવલના વેબિનારમાં રિચર્ચ પેપર રજૂ કર્યું.
૧૦. મીનાક્ષી યુનિવર્સિટી ચેન્નાઈ દ્વારા આયોજિત નેશનલ લેવલની યોગ અને રિચર્ચ મેથોડોલોજી ટ્રેનિંગમાં ભાગ લીધો.

## ❖ INNOVATIONફેસ્ટીવલમાં ભાગ

૧. રાજયના ઇનોવેશન ફેસ્ટીવલમાં૩ વાર ઇનોવેશન રજૂ કર્યું.
૨. જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં ૪ વારઇનોવેશન રજૂ કર્યું.

## ❖ ઈ-કન્ટેન્ટ કામગીરી

૧. દિક્ષા પોર્ટલ પર ઈ-કન્ટેન્ટ મૂક્યું
૨. એડ્યુટર એપ પર ધોરણ – ૧૦ નું ઓનલાઈન પેપર બનાવી ટેસ્ટ લીધી.
૩. એડ્યુટર એપ પર વિવિધ વિશેષ દિને ઓનલાઈન ક્વીઝ લીધી.
૪. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના વિડિયોની ટચેબલ PDF બનાવી.
૫. ધોરણ -9 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના વિડિયોની ટચેબલ PDF બનાવી.
૬. ધોરણ -12 ના વિદ્યાર્થીઓ માટે પાઠના વિડિયોની ટચેબલ PDF બનાવી.
૭. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ વિષયના વિડિયોની ટચેબલ PDF બનાવી.
૮. બાળક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકે તે માટેના વિડિયોની ટચેબલ PDF બનાવી.
૯. ધોરણ – ૧૦ ના વિદ્યાર્થીઓ ઘેર બેઠા પૂનરાવર્તન કરી શકે તે માટે પ્રથમ સત્ર અને બીજા સત્રમાટે QRCODE સાથેની સ્વઅધ્યયન પોથી બનાવી.
૧૦. બોર્ડની પરીક્ષામાં પૂછાવાલાયક તથા TAT અને TET ની પરીક્ષા માટે ખૂબ જ અગત્યના પ્રશ્ન માટે પ્રશ્નબેંક બનાવી.

૧૧. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના વિડિયો બનાવ્યા.
૧૨. ધોરણ -9 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠના વિડિયો બનાવ્યા.
૧૩. દેશની પ્રખ્યાત વ્યક્તિઓનાં વિડીયોની ટચેબલ PDF બનાવી.
૧૪. ધોરણ 9, ૧૦, ૧૨ ના QRCODE બનાવ્યાં.
૧૫. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની ઓનલાઇન કવીઝ બનાવી.
૧૬. ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની ઓનલાઇન કવીઝ બનાવી.
૧૭. જનરલ નોલેજમાં વધારો થાય તે માટે ઓનલાઇન કવીઝ બનાવી.
૧૮. વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગાડે તે માટે માઇક્રોસોફ્ટ ટિમ્સમા નિયમિત લેક્ચર લીધા.
૧૯. ગુજરાતના જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓને જોડી ઓનલાઈન માર્ગદર્શન પૂરૂ પાડ્યું.

## ❖ લેખન કાર્ય, સંપાદન, પુસ્તિકા નિર્માણ, કાર્ડ નિર્માણ

૧. સરકારની ધોરણ – ૯ ની હેન્ડબુક નિર્માણ કાર્ય
૨. પ્રશ્નબેંકબુકનું નિર્માણ
૩. સામાજિક વિજ્ઞાનની સારાંશ બુક નિર્માણ
૪. સામાજિક વિજ્ઞાન સ્વ-અધ્યયનપોથી બુક લેખન
૫. ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે તમામ પાઠની PPT બનાવી.

## ❖ શાળાકીય સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

૧. પતંગ બનાવવાની હરીફાઈ
૨. રાખડી બનાવવાની હરીફાઈ
૩. સ્વચ્છતા અભિયાન
૪. કારકિર્દી માર્ગદર્શન શિક્ષક કોર્નરની ભૂમિકા
૫. નકશાઓ નિર્માણ પ્રોજેક્ટ કાર્ય
૬. ચકલીઓના માળાઓનો પ્રોજેકટ
૭. ગણપતિ ઉત્સવ નિમિતે ચિત્ર સ્પર્ધા
૮. શિક્ષકદિનનીઉજવણી
૯. ગુરૂ તેગ બહાદૂરસિંહ વિષે નિબંધ સ્પર્ધા
૧૦. સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન
૧૧. વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી કરાય
૧૨. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વકતૃત્વ,નિબંધ અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન

## ❖ પર્યાવરણલક્ષી કામગીરી

૧. રોપાબનાવીવિતરણ કામગીરી
૨. ચકલીઓના માળાઓનુ (પતરાના ડબ્બાઓ) નિર્માણ કર્યું
૩. વૃક્ષારોપણ કાર્યક્રમ

## ❖ સામાજિક કાર્યો

૧. જરૂરીયાતમંદ અનાથ બહેનને દર મહિને અનાજ સહાય આપી.
૨. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડી.
૩. ૧૫ જેટલી વિદ્યાર્થીઓનીઓ દત્તક લઇ કન્યા કેળવણી અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી અભ્યાસ કરાવ્યો.
૪. વિદ્યાર્થીઓને જન્મદિવસે ભેટમાં આપવા માટે હનુમાન ચાલીસાના કાર્ડ બનાવ્યા.

## ❖ વિશેષ સિદ્ધિઓ

૧. સુરેન્દ્રનગર ડાયટ દ્વારા શરૂ કરેલ ઓનલાઇન વિડિયો લેકચર અને વિષય કન્વીનર તરીકેપસંદગી.
૨. મતદાન જાગૃતિ માટે જિલ્લા મુખ્ય ચૂટણી અધિકારી દ્વારા વિડિયો બનાવવાની કામગીરી સોંપવામાં આવી.
૩. જિલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિપોષિત પ્રાપ્ત થયો.
૪. રાજયકક્ષાએ ઇનોવેશન રજૂ કર્યા.
૫. જિલ્લાકક્ષાએ ઇનોવેશન રજૂ કર્યા.
6. ITCનો ઉપયોગ કરી વર્ષ દરમ્યાન વર્ચુઅલ કલાસમા લેકચર લીધા.
૭. દિલ્લીના અર્નેટ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદડાયટથી લેકચર આપ્યા.
૮. બાયસેગ મારફત 'વંદે ગુજરાત' ટી.વી. ચેનલ પરથી લેકચર આપ્યા.
૯. ધોરણ -૧૦ અને ધોરણ -૯ ની ટેકસબુકમાં મારા વિડીયોને પસંદ કરવામાં આવ્યા.
૧૦. વિવિધ ક્વીઝ આપી ઓનલાઈન 50 કરતા વધારે સર્ટીફીકેટ મેળવ્યા.
૧૧. કેન્દ્ર સરકારે શરૂ કરેલ અર્નેટ પાયલોટ પ્રોજેક્ટમાં સૌથી વધુ ઓનલાઈન લેકચર આપ્યા.

- સંકલન
ડૉ. કે. આર. પંડ્યા
લેક્ચરર, ડાયેટ, સુરેન્દ્રનગર

# સુરેન્દ્રનગર શૈક્ષણિક સમાચાર





**<u>બી. એડ. અને ડી.એલ.એડ. સંયુક્ત પ્રવેશોત્સવ – ૨૦૨૨નો અહેવાલ</u>**

**<u>તા.૨૭-૦૭-૨૦૨૨</u>**

સુરેન્દ્રનગર જિલ્લાની તમામ બી.એડ. અને ડી.એલ.એડ. કોલેજોમાં વર્ષ-૨૦૨૨ દરમ્યાન બી.એડ. અને ડી.એલ.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર તમામ તાલીમાર્થીઓનો સંયુક્ત પ્રવેશોત્સવ મૈત્રી બી.એડ. કોલેજના યજમાનપદે તા.૨૭-૦૭-૨૦૨૨ના રોજ યોજાયો હતો.

આ પ્રવેશોત્સવમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, મૈત્રી બી.એડ. કોલેજ, એમ.એમ.શાહ બી.એડ. કોલેજ, એમ. એલ. દોશી સ્ત્રી બુનિયાદી અધ્યાપન મંદિર અને એસ. સી. યુ. શાહ વિકાસ વિદ્યાલય વઢવાણના પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ હાજર રહ્યા હતાં.

દિનેશભાઈ એસ. પટેલ, માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને ડી.ઈ.ઓ., સુરેન્દ્રનગર  તથા ડી.પી.ઈ.ઓ., સુરેન્દ્રનગર અને અન્ય મહેમાનોની હાજરીમાં માનવ મંદિરના વિશાળ પરિસરમાં મૈત્રી બી.એડ. કોલેજના ઉત્તમ આયોજન વચ્ચે આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

તમામ કોલેજ દ્વારા એક એક સંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. તમામ વક્તાઓનો લાભ તાલીમાર્થીઓને મળ્યો હતો. માન. નિયામકશ્રીનું વિશેષ વક્તવ્ય અને કાર્ય પ્રેરણારૂપ રહ્યું. તમામ કોલેજના અધ્યાપકોની હાજરી પણ બહોળા પ્રમાણમાં હતી.

તમામ તાલીમાર્થીઓને હાર્દિક રીતે આવકારવામાં આવ્યા. તેઓનું ભવિષ્ય ઉજવળ બને તેવી કામનાઓ સાથે માર્ગદર્શન કરવામાં આવ્યું. આમ આ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

**<u>15 ઓગસ્ટ 2022 સ્વાધીનતાનું અમૃત પર્વ</u>**

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ડાયેટ સુરેન્દ્રનગર સ્થળે ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ

ગયો. આ સાથે જિલ્લા કક્ષાનો કલા મહોત્સવ ડાયેટ પર યોજાઈ ગયો. જેમાં શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ મુંજપરા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કિશોરભાઈ બારોટ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શૈક્ષીક સંઘના પ્રમુખશ્રી સમગ્ર સમય ઉપસ્થિત રહ્યા. દસ નિવૃત્ત ફૌજી ભાઈઓ દ્વારા અમર જવાન સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી મુંજપરા સાહેબ તરફથી તમામ બાળકોને આઈસ્ક્રીમ ખવરાવવામાં આવ્યો. કલા મહોત્સવમાં ૪૪ બાળકો ઉપસ્થિત રહ્યા. કલા મહોત્સવમાં ઉપસ્થિત તમામ બાળકોને હિન્દૂ આધ્યાત્મિક સંસ્થા તરફથી સ્વાધીનતાના 75 શૂરવિરોનું પુસ્તક આપવામાં આવ્યું. નિવૃત્ત થનાર ડાયેટના લેક્ચરર શ્રી જે. જે. જોશીના વરદહસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. 75 અંક મેદાનમાં ચિત્રાંકન કરી કલા મહોત્સવમાં ઉપસ્થિત બાળકોને તેમાં ઊભા રાખીને ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો.

**<u>સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાની શ્રી ઝાડીયાણા પ્રા.શાળા ખાતે સ્વાતંત્ર્ય વીર શ્રેણી કાર્યક્રમ યોજાયો</u>**

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી છે ત્યારે, આપણને ગુલામીની ગર્તામાંથી આઝાદી અપાવનાર આપણા વીરવર ક્રાંતિકારીઓની બલિદાનની ગાથાને વાગોળવા, તેમણે આપેલા સમર્પણ, ત્યાગ અને બલિદાનને યાદ કરવા બલિદાનની વેદી પર હસતા મોઢે આહુતિ આપનાર હુતાત્માઓને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે આપણો એ જ વારસો એ જ રાષ્ટ્ર ભક્તિ, દેશભક્તિનું સ્વાભિમાન ભાવિ પેઢીમાં ઉતરે અને આપણા વીરવર ક્રાંતિકારીઓને આપણા વિદ્યાર્થીઓ ઓળખે એવા શુભ આશયથી એક નવતર પ્રયોગના ભાગરૂપે શ્રી ઝાડીયાણા પ્રાથમિક શાળા ખાતે 1 ઓગસ્ટથી 15 ઓગસ્ટ સુધી આઝાદીના લડવૈયાઓ, ભારત દેશના સપૂતો કે જેમણે પોતાના લોહીથી આઝાદીને રંગી છે એવા વીરવર 21 ક્રાંતિકારીઓના જીવન કવન ની વ્યાખ્યાનમાળા યોજવામાં આવી. માતૃભૂમિ માટે હસતા મુખે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી મા ભારતીના ચરણે માથું ધરનાર અને જેમની ઇતિહાસમાં ખાસ નોંધ ન લેવાઈ હોય તેવા વીરવર ક્રાંતિકારીઓ અને વીરાંગનાઓના જીવન અને કવન વિશે *સ્વાતંત્ર્ય વીર શ્રેણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વ્યાખ્યાનમાળાના સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા. ધરતી ઢેર થયેલ હુતાત્માઓને સ્વાતંત્ર્યવીર શ્રેણીના માધ્યમથી જગતના ચોક સમક્ષ મૂકી સાચી અંજલિ આપવાના આ મહાયજ્ઞમાં ભાગ લઈ સમિધ બનનાર દરેક બાળકોને પ્રોત્સાહિત કરવા અને પીઠ થાબડવા શ્રી ઝાડીયાણા પ્રા. શાળાના શિક્ષક અને શ્રેણી સંયોજક ભગવતદાન ગઢવી અને જીતેનભાઈ પટેલ દ્વારા આકર્ષક પ્રમાણપત્ર અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા...

## :: અભિનંદન ::



રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં રાજ્યનાં શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચૂડા કેળવણી મંડળ સંચાલિત સી.ડી.કપાસી હાઇસ્કૂલના શિક્ષક સુરેશભાઇ બી. ધોરીયાને માધ્યમિક વિભાગમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા બદલ ડાયેટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## ગીરીશભાઇ ગઢવી સ્વૈચ્છિક નિવૃત્તિ સમારંભ

ડાયેટ, શિક્ષણ સમિતિ અને SSAના સંયુક્ત ઉપક્રમે
ગીરીશભાઇ ગઢવી સ્વૈચ્છિક નિવૃત્તિ સમારંભ



: ઉપસ્થિતિ :
ચેરમેન, DPEO, TPEOs, BRCs, SSA સ્ટાફ, શિક્ષણ સમિતિ સ્ટાફ, ડાયેટ લેક્ચરર્સ
તારીખ : ૪/૮/૨૦૨૨ સાંજે ૭.૦૦ કલાકે
: સ્થળ :
ડાયેટ, સુરેન્દ્રનગર

## વિદ્યા પ્રવેશ તાલીમ

વિદ્યા પ્રવેશ તાલીમ અંતર્ગત ડાયેટ દ્વારા તા.25 થી 26 જુલાઈ અને 27 થી 28 જુલાઈ 2022 એમ બે –બે દિવસ એમ ટી તાલીમનું આયોજન કરવામાં આવ્યું.જીલ્લાના શિક્ષકોની સંખ્યા મુજબ માસ્ટર ટ્રેનર્સની સંખ્યા નિયત કરવામાં આવી.તાલીમના પ્રથમ દિવસે પ્રાર્થના કાર્યક્રમ બાદ ડૉ. કે આર. પંડ્યા દ્વારા સમગ્ર તાલીમ કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી. ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી.ટુંડિયા દ્વારા તાલીમને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ અંર્તગત ચંદ્રકાંતભાઈ કાલીયા એચ.ટાટ, દુધઈ પ્રા.શાળા દ્વારા વિવિધ ગીતો અભિનય સાથે રજુ કરવામાં આવ્યા.તાલીમના પ્રારંભે તમામ એમ.ટી ની પ્રિ ટેસ્ટ લેવામાં આવી.રિસોર્સ પર્સન ડૉ. કે. આર. પંડ્યા, લેકચરર, તાલીમશાખા, ચંદ્રકાંતભાઈ કાલીયા એચ.ટાટ, દુધઈ પ્રા. શાળા, તા. મુળી અને વિનોદભાઈ સુમેરા, સી.આર.સી.કો., ચોકડી પે.સે, તા.ચુડા દ્વારા વિદ્યાપ્રવેશ પુસ્તક અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ સાથે તાલીમ આપવામાં આવી.તાલીમના અંતિમ દિવસે પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી. તાલીમના અંતે તાલીમ અંગેના ફીડબેક લેવામાં આવ્યા.

વિદ્યા પ્રવેશ તાલીમ અંતર્ગત ડાયેટ દ્વારા સમગ્ર જીલ્લામાં તા.1 થી 2 અને 3 થી 4 ઓગસ્ટ 2022 એમ બે –બે દિવસ બે તબક્કામાં શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું. કોવિડ-૧૯ પરિસ્થિતિને ધ્યાને લઇને દરેક તાલુકામાં મર્યાદિત સંખ્યામાં વિવિધ સ્થળોએ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા કક્ષાએ તાલીમ મેળવેલ માસ્ટર ટ્રેનર્સ દ્વારા તમામ શિક્ષકોને વિવિધ પ્રવૃત્તિ આધારિત તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન પ્રિ ટેસ્ટ, પોસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયેટના લાયઝનશ્રી એ તમામ તાલુકામાં વર્ગસંચાલકની ભૂમિકા ભજવી હતી. તાલીમનું સમગ્રતયા સંચાલન ડૉ. કે. આર. પંડ્યાએ કર્યું હતું.

## બીઆરસી કૉ.,સીઆરસીકૉ અને ડાયેટ સ્ટાફ સંકલન બેઠક

બીઆરસી કૉ.,સીઆરસીકૉ અને ડાયેટ સ્ટાફ સંકલન બેઠક અંતર્ગત ડાયેટ દ્વારા તા.23 જુલાઈ 2022 ના એક દિવસીય સંકલન આયોજન કરવામાં આવ્યું. તાલીમમાં પ્રાર્થના કાર્યક્રમ બાદ ડૉ. કે. આર. પંડ્યા દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી. ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ. સી. ટી. ટુંડિયા દ્વારા માન. નિયામકશ્રી ડી.એસ.પટેલ, જીસીઈઆરટી, ગાંધીનગર, માન. પૂર્વ નિયામકશ્રી ડૉ. ટી. એસ. જોશી, શ્રી મીતાબેન ગઢવી, જિ. પ્રા. શિક્ષણાધિકારી, સુરેન્દ્રનગર, શ્રી કે. એન. બારોટ, જિ. શિક્ષણાધિકારી, સુરેન્દ્રનગરનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. માન. નિયામકશ્રી ડી.એસ.પટેલ, જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા શિક્ષણના નુતન પ્રવાહોની જાણકારી આપવામાં આવી. માન. પૂર્વ નિયામકશ્રી ડૉ. ટી. એસ. જોશી દ્વારા સ્કૂલ ઓફ એકસલન્સ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી. ડાયેટના આર્યભટ્ટ પ્રસારણખંડનું ઉદઘાટન કરવામાં આવ્યું તેમજ ડાયેટના સમગ્ર સ્ટાફ સાથે એક બેઠક કરવામાં આવી.

<u>સીઆરસી ભલગામડા દ્વારા આયોજિત</u>

## ક્લસ્ટર કક્ષાએથી વર્ચ્યુઅલ ક્લાસ

પ્રસ્તાવના :

સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી તાલુકામાં ભલગામડા ક્લસ્ટર આવેલ છે. જેમાં કુલ છ સરકારી પ્રાથમિક શાળા આવેલી છે. છ શાળાઓ પૈકી પાંચ શાળા ઉચ્ચ પ્રાથમિક વિભાગ સાથેની છે, જયારે એક શાળા માત્ર નિમ્ન પ્રાથમિક વિભાગ ધરાવે છે. ક્લસ્ટરમાં બે HTAT આચાર્યો સહીત ૩૫ શિક્ષકો કાર્યરત છે. કોરોના કાળ દરમિયાન શાળાઓ બંધ હતી, પરંતુ શિક્ષણ નહિ.... ક્લસ્ટરની તમામ શાળાઓમાં કામ ,કરતા શિક્ષકો દ્વારા બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ રૂચી જળવાય રહે તે માટે સતત પ્રયત્નશીલ હતા.સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દ્વારા શિક્ષકોની સ્વૈચ્છિક સંમતિ સાથે માઈક્રોસોફ્ટ ટીમ એપ્લીકેશન દ્વારા ઓનલાઈન વર્ગો શરૂ કરવા માટે મંજુરી માંગવામાં આવી. જેમાં ક્લસ્ટરના કુલ ૧૪ શિક્ષકોએ સંમતિ દર્શાવી. આ ૧૪ શિક્ષકો પૈકી ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધરાવતી પાંચ શાળાઓના એક એક શિક્ષક સામેલ હતા. જેના કારણે ક્લસ્ટરની તમામ ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધરાવતી શાળાના તમામ બાળકોના માઈક્રોસોફ્ટ ટીમના ID તથા PASSWORD આવેલ. જે ઉપરથી શિક્ષણ જગતમાં એક નવા વિચારે જન્મ લીધો...

### ક્લસ્ટર કક્ષાએથી વર્ચ્યુઅલ ક્લાસ

પડકારો :

- ❖ MS TEAM એપ્લીકેશન તમામ શિક્ષકો તથા બાળકો માટે નવી હતી, તેના ઉપયોગ વિશે સૌ મૂંઝવણમાં હતા.
- ❖ ધારો કે ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધરાવતી શાળા A ના ગણિત વિજ્ઞાનના શિક્ષકના આવેલ ID PASSWORD થી તે શાળાના બાળકો માત્ર ગણિત વિજ્ઞાનનો જ અભ્યાસ કરી શકશે જયારે અન્ય વિષયોનું શિક્ષણ કાર્ય થઇ શકશે નહિ.
- ❖ સ્માર્ટફોનનો અભાવ.
- ❖ બાળકોનું ઓછુ જોડાણ.
- ❖ ધંધા મજુરી અર્થે વાલીનું બહારગામ જવું.
- ❖ કોરોના કાળમાં કેવા પ્રયત્નો કરવામાં આવે તો બાળકોની શિક્ષણ પ્રત્યે રસ – રુચિ જળવાય રહે.

<u>નિરાકરણ :</u>

- ➢ પ્રથમ તો સીઆરસી તરીકે માઈક્રોસોફ્ટ ટીમ એપ્લીકેશન તથા EXE ફાઈલનો પૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યો.
- ➢ ક્લસ્ટર કક્ષાએથી ધોરણ ૬ થી ૮ ધરાવતી શાળાના શિક્ષકો તથા શાળાના આચાર્યોની પ્રથમ વર્ચ્યુઅલ મીટીંગ યોજવામાં આવી. જેમાં ક્લસ્ટર કક્ષાના વર્ચ્યુઅલ ક્લાસ બાબતે આયોજન તથા ચર્ચાઓ કરવામાં આવી. શિક્ષકો સહમત થયા.
- ➢ માઈક્રોસોફ્ટ ટીમ એપ્લીકેશન તથા EXE વર્ઝન વિશે માહિતગાર કરવામાં આવ્યા.
- ➢ કેવી રીતે ક્લાસ તૈયાર કરવો ? કેવી રીતે લીંક તૈયાર કરવી ? બાળકોને કેવી રીતે જોડવા ? જોડાયેલ બાળકો ક્યાં જોઈ શકાય ? સ્ક્રીન શેર કરી કેવી રીતે શિક્ષણ કાર્ય કરી શકાય ? વિગેરે જેવી બાબતોથી શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા.
- ➢ ક્લસ્ટર કક્ષાએથી WHATSAPP ના માધ્યમથી ધોરણ વાઈઝ ૬,૭ અને ૮ ના ગ્રુપ બનાવવામાં આવ્યા. આ ગ્રુપમાં પ્રથમ શિક્ષકોને જોડવામાં આવ્યા. એડમીન બનાવી જે તે શાળાના શિક્ષક દ્વારા બાળકોને ઉમેરવામાં આવ્યા.
- ➢ ક્લસ્ટર કક્ષાએથી શિક્ષકોનું પણ અલગથી WHATSAAP ગ્રુપ તૈયાર કરવામાં આવ્યું. જેમાં જોડાયેલ બાળકોના સ્ક્રીનશોટ તથા કરેલ શિક્ષણકાર્યની વિગતો મુકવામાં આવતી. તેમજ શિક્ષકો દ્વારા પડતી મુશ્કેલી કે મૂંઝવણ હોઈ તો ગ્રુપ દ્વારા જ ત્વરિત નિરાકરણ આપવામાં આવતું.
- ➢ દરેક શિક્ષકો દ્વારા ક્લાસની લીંકો તૈયાર કરવામાં આવતી અને તેને જે તે ધોરણના ગ્રુપમાં મુકવામાં આવતી. જેથી એકસાથે તમામ બાળકોને ક્લાસ અંગેની લીંક સરળતાથી મળી રહે.

- ➢ ક્લસ્ટર કક્ષાએથી તમામ શાળા જે ૬ થી ૮ ધોરણ ધરાવે છે તે તમામ શાળાના બાળકો તથા શિક્ષકોની એક નવી ચેનલ નિર્માણ કરવામાં આવી. જેમાં AS A TEACHER તરીકે શિક્ષકોને જોડવામાં આવ્યા. જેથી બાળકોને ગેસ્ટ તરીકે ક્લાસમાં જોડાવું ન પડે.
- ➢ ક્લસ્ટર કક્ષાએથી સંપૂર્ણ આયોજન નિયત કરવામાં આવ્યું. જેમાં ક્લસ્ટરની કઈ શાળાના કયા વિષય શિક્ષક કયા સમયે કયા વિષયનું શિક્ષણ કાર્ય કરાવશે તેની દરેક શાળાને પત્રવ્યવહાર દ્વારા આયોજન આપવામાં આવ્યું.
- ➢ તમામ તૈયારીઓ પૂર્ણ કરી ક્લસ્ટર કક્ષાએથી વર્ચ્યુઅલ ક્લાસનો શુભારંભ કરવામાં આવ્યો.

પરિણામ :

- ❖ તમામ વિષયના તમામ શિક્ષકોને એક સાથે એક બીજાના ID PASSWORD થી જોડવામાં આવ્યા.
- ❖ એક દિવસના ચાર તાસ નિયત કરવામાં આવ્યા. જેમાં બે તાસ સવારે અને બે તાસ સાંજે. જેથી વાલીઓના અનુકુળ સમયે બાળકોનું વધારે જોડાણ કરી શકાય.
- ❖ ક્લસ્ટરની ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધરાવતી શાળાના તમામ વિષય શિક્ષકોને ક્લસ્ટર કક્ષાના વર્ચ્યુઅલ ક્લાસમાં આવરી લેવામાં આવ્યા.
- ❖ A શાળાના વિષય શિક્ષક ધોરણ ૭ માં ગુજરાતી વિષયનો ઓનલાઈન વર્ચ્યુઅલ ક્લાસ લેતા હોઈ ત્યારે ક્લસ્ટરની તમામ શાળાના ધોરણ ૭ ના બાળકો તે શિક્ષક પાસેથી ગુજરાતી વિષયનં શિક્ષણ લેતા થયા. આ રીતે તમામ વિષય શિક્ષકો પાસેથી ક્લસ્ટરના તમામ ૬ થી ૮ ના બાળકો શિક્ષણ કાર્યમાં જોડાવા લાગ્યા.
- ❖ અલગ અલગ શાળાના અલગ અલગ વિષય શિક્ષકો પાસેથી શિક્ષણનો પુરેપુરો લાભ બાળકોને મળ્યો.
- ❖ અન્ય શાળાના શિક્ષકો પાસેથી બાળકોને ભણવાનો તથા નવી નવી રીતો શીખવાનો આનંદ બાળકોને મળ્યો.
- ❖ સ્માર્ટફોન ન ધરાવતા બાળકોને અન્ય બાળકો સાથે જોડી શિક્ષણના પ્રવાહ સાથે અવિરત રાખવામાં આવ્યા.
- ❖ શિક્ષકો દ્વારા ઓનલાઈન વિજ્ઞાનના પ્રયોગો તથા વિવિધ પ્રોજેક્ટ વર્કો કરવામાં આવ્યા.
- ❖ ઓનલાઈન ક્લાસમાં બાળકોને ગૃહકાર્ય આપવામાં આવતું હતું. જેને જે તે શાળાના વિષય શિક્ષક દ્વારા બાળકોની રૂબરૂ મુલાકાત દરમિયાન ચકાસવામાં આવતું હતું. બાળકની જ્યાં ભૂલ હોઈ ત્યાં ત્વરિત વિષય શિક્ષક દ્વારા તેની ભૂલને સુધારવામાં આવતી હતી.
- ❖ સાપ્તાહિક દર શનિવારે ક્લસ્ટર કક્ષાએ વર્ચ્યુઅલ ક્લાસ લેતા તમામ શિક્ષકોની ઓનલાઈન વર્ચ્યુઅલ મીટીંગ યોજવામાં આવતી. જેમાં શિક્ષકોને પાડતી મુશેકેલીઓની ચર્ચા કરવામાં આવતી. તથા તે મુશ્કેલીનું ત્વરિત નિરાકરણ આપવામાં આવતું હતું.
- ❖ ક્લાસ લેતા દરેક શિક્ષકોના GMAIL ID ઉપર GOOGLE SHEET ની લીંક મોકલવામાં આવી. જેમાં તાસ દરમિયાન જોડાયેલ બાળકો, સમય, તારીખ, વિષય, એકમ વિગેરે જેવી માહિતી શિક્ષકો દ્વારા ભરવામાં આવતી.
- ❖ GOOGLE SHEET માં ભરેલ આંકડાઓ ઉપરથી દર માસના અંતે કયા શિક્ષકે સૌથી વધારે તાસ લીધા તેમજ માસ દરમિયાન કોના ક્લાસમાં સૌથી વધારે બાળકો જોડાયા તે શિક્ષકોને સન્માનિત કરવામાં આવતા.
- ❖ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ દ્વારા ક્લસ્ટર કક્ષાના આ વર્ચ્યુઅલ ક્લાસને બિરદાવવામાં આવ્યા. જેમાં તમામ શિક્ષકો તથા સીઆરસી કો. ને જીલ્લા કક્ષાએથી સન્માનપત્ર અર્પણ કરી ક્લસ્ટર કક્ષાના વર્ચ્યુઅલ ક્લાસને બિરદાવવામાં આવ્યો.

સંકલન :

શ્રી રાકેશકુમાર નાનજીભાઈ પરમાર

સીઆરસી.કો.ઓ. ભલગામડા

તાલુકો – લીંબડી, જિ – સુરેન્દ્રનગર.

GCERT – SRG – ICT












શ્રી ટી.એચ.શાહ મૈત્રી વિદ્યાપીઠ
મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન
NAAC.Re - accredited - 'A' Grade
મૈત્રી વિદ્યાપીઠ - માનવ મંદિર
સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૨








બુક-પોસ્ટ

To ______________________________

______________________________

______________________________

**રવાના :**

શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

સુરેન્દ્રનગર